જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૫/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ચાંદખેડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઈન ટીમે ઘરથી ભુલી પડેલ છોકરીને તેના માતા પિતા સાથે મિલન કરાવ્યુ

તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર પીરાણા રોડ નારોલ ખાતેથી એક થર્ડ પાર્ટીનો ફોન આવેલ અને જણાવેલ કે એક ૧૮ વર્ષની છોકરી મળી આવેલ છે તે પોતાનુ ઘર ભુલી ગયેલ હોય તેના ઘર સુધી પહોચાડવા મદદની જરૂર છે. જેથી ચાંદખેડા પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમની ટીમ તુરંત છોકરીની મદદ માટે પહોચી જાય છે. છોકરીની પુછપરછ કરતા જણાવે છે કે કંપનીમાં નોકરી કરવા જવા માટે તેના માતાએ કોઈ જાણીતા વ્યકતિ સાથે કંપનીમાં મોકલી આપેલ હતી. પરંતુ તે વ્યકતિએ કોઈ બીજા વ્યકતિને છોકરીને કંપનીમાં મુકી આવવા માટે કહેલ. જે વ્યકતિએ છોકરીને અજાણી જગ્યાએ રસ્તામાં મુકીને જતા રહેલ. પોતે મુળ વતન :- ગામ પારણ, તાલુકો :- બાહા, જીલ્લો :- આગ્રા ઉત્તર પ્રદેશની છે. પોતે ભણેલી ન હોય અને અમદાવાદમાં નવી રહેવા આવેલ હોય વિસ્તારની જાણકારી ના હોય ભુલી પડેલ છે. જેથી ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમની ટીમ નારોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા પોલીસ સ્ટેશન ખાતેથી જાણવા મળેલ કે છોકરીના પિતાએ પોતાની છોકરી ગુમ થયેલાની અરજી આપેલ છે. આમ અરજી ઉપરથી છોકરીના માતા પિતાનો સંપર્ક કરી નારોલ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી છોકરીને તેના માતા પિતાને સોંપેલ. આમ ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમની ટીમે ઘરથી ભુલી પડેલ એક પરપ્રાંતિય છોકરીને તેના માતા પિતા સુધી પહોચાડી માનવતાવાદી ઉમદા કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ** :- ચાંદખેડા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૧૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૨૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૯ બિયર ટીન અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૮૨૦/૨૦૨૩

**પાલડીઃ** સરોજબહેન નિતીનભાઇ શાહ (ઉ.વ.૬૪) (રહે. શ્રીરાજ એપાર્ટમેન્ટ ફતેપુરા પોલીસ ચોકી સામે પાલડી) તા.૧૯/૦૫/૨૦૨૩ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પાલડી ફતેહપુરા ચાર રસ્તા ખાતે આવેલ આશાપુરા ભાજીપાઉં નામની દુકાન સામે અંજલી બ્રીજના નિચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે પુરૂષ સરોજબહેન શાહ નજીક આવી સરોજબહેનને જણાવેલ કે અત્યારે લુંટફાટ થાય છે તો પહેરેલ દાગીના થેલીમાં મુકવાની વાત કરી સરોજબહેન શાહ એ પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- થેલીમાં મુકાવી નજર ચુકવી ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સરોજબહેન શાહ એ તા.૨૧/૦૫/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.શુક્લા ચલાવે છે.

## પર્સ ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૮૨૧/૨૦૨૩

**માધવપુરાઃ** જયશ્રી વા/ઓ હિતેષભાઇ મહેતા (ઉ.વ.૪૫) (રહે. ઇ-૧૩ વેલીંગટન વ્યુ તારદેવ આર.ટી.ઓ.ની બાજુમાં મુબંઇ સેન્ટ્રલ મહારાષ્ટ્ર) તા.૧૯/૦૫/૨૦૨૩ સવારના ૫/30 વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી સાબરમતી ડી-કેબીન રેલ્વે સ્ટેશન જવા રીક્ષામાં બેસી કાલુપુર શાકમાર્કેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઈકલ ઉપર આવેલ બે પુરૂષ જયશ્રી મહેતાના ખભા ઉપર લટકાવેલ પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૪,0૩,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ જયશ્રી મહેતાએ તા.૨૧/૦૫/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.એમ.રાઠોડ ચલાવે છે.

**દિવાલ પડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૨૨/૨૦૨૩**

**વેજલપુરઃ** કરમજીત સ/ઓ રામપ્રસાદ કોરી (ઉ.વ.૨૬) (રહે. એકલદેવનગર સાલપરા ફાટક પાસે વેજલપુર) તા.૨૧/૦૫/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનની બાજુમાં ધાબા પર સુતા હતા ત્યારે પોતાના મકાનના ધાબા પર નવી પિરામેટ દિવાલ બનાવેલ હતી જે દિવાલ કરમજીત કોરી ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સોલા સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયભાઇ અંબારામભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૨૩/૨૦૨૩**

**વટવાઃ** અનિતાબહેન વા/ઓ વિરપ્પન વેકટેશન દ્રવીડ (ઉ.વ.૩૨) (રહે. મકાન નંબર-૫૦૪ ટંકાર-૦૪ વટવા) તા.૧૩/૦૫/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે નિકોલ કાનબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.આજરા ચલાવે છે.

**કાગડાપીઠઃ** હર્ષદ ભુરાજી ઠાકોર (ઉ.વ.૩૬) (રહે. ભવાનીપુરાની પીઠ વિવેકાનંદ કોલેજ પાસે રાયપુર) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૫/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી